પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.

શાહીબાગ, અમદાવાદ

વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦

**Email:Spl1-ahd@gujarat.gov.in**


## :- જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ કાઢેલ હુકમ**

**ક્રમાંક: વિશેષ શાખા/ એ સેકશન/લોકસભાચૂંટણી /35 /૨૦૨૪ તા-15/03/૨૦૨૪**

ભારતના ચૂંટણી આયોગ, નવી, દિલ્હી ધ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ નો કાર્યક્રમ તા.૧૬/03/૨૦૨૪ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત રાજ્યમાં તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ભારત ચુંટણી પંચના તારીખ ૦૭/૧૦/૨૦૦૮ ના પત્ર ક્રમાંક તારીખ ૦૩/૦૭/૨૦૦૮JS-2ની સુચના અનુસાર કોઇ પણ ખાનગી મિલકતોને ચુંટણી પ્રચારના સાહિત્યથી વિકુત થતી અટકાવવા સંબંધે સુચના બહાર પાડેલ છે. જે મુજબ ખાનગી મિલકત તેના માલીક કબજો ધરાવનારની સ્વૈચ્છિક લેખીંત પરવાનગી વગર ઉપયોગમાં લેવા માટે મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે નીચેની બાબતે પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) કબજો ધરાવનારની લેખિત સ્વૈચ્છિક પરવાનગી મેળવી અલ્પકાલિન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સાધન સામગ્રી જેવી કે ધ્વજ, બેનર્સ વગેરે ખાનગી મકાનો, મિલકતો પર મુકવા માટે જે તે મકાન/મિલકતના માલિકની અગાઉથી સ્વેચ્છાએ આપેલ પરવાનગી મેળવેલી હોવી જોઈએ અને તે પરવાનગી કોઈ દબાણ અથવા ધમકીથી અથવા બળજબરીથી લીધેલ હોવી જોઈએ નહી. આવા બેનર્સ અથવા ધ્વજ બીજાઓ માટે ઉપદ્રવરૂપ ન બનવા જોઈએ. મતલબ કે રાહદારીઓ વાહન-ચાલકો વગેરે અકસ્માતનો ભોગ ન બને તેવી જગ્યાએ જ પ્રદર્શિત કરાવી શકાશે. આ સંબંધે લેખિતમાં મેળવેલી સ્વૈચ્છિક પરવાનગીની ફોટો કોપી આ સાથેના નિયત નમુના (પરિશિષ્ટ-૨) માં ત્રણ દિવસની અંદર સંબંધકર્તા ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને રજુ કરશે. આવી બાબતમાં પત્રકમાં આ હેતુ માટે કરેલ અથવા કરવાના થતા ખર્ચ સાથે જેની પાસેથી પરવાનગી મેળવી હોય તે મિલ્કતના માલિકનું નામ અને સરનામું સ્પષ્ટ રીતે દર્શાવવુ. આવા લખાણ/નિદર્શનમાં કંઈપણ ઉશ્કેરણીજનક અથવા કોમો વચ્ચે ઉશ્કેરણી થાય તેવું કોઈપણ હોય તો તે માન્ય રાખવામાં આવશે નહી અને આવા વાંધાજનક લખાણ/નિદર્શન સંબંધકર્તા ઉમેદવારના ખર્ચે દુર કરવાની કાર્યવાહીને પાત્ર થશે.

(૨) દિવાલ પર લખાણ કરી શકાશે નહી, પોસ્ટર ચોંટાડી શકાશે નહી અને આના જેવા જ અન્ય કાયમી/હંગામી નુકશાન જે સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવું કરી શકાશે નહી.

(3) આ હુકમ તારીખ ૧૮/03/૨૦૨૪ ના કલાક ૦૦.૦૦ થી કલાક ૧૬/૦૫/૨૦૨૪ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૫ /૦૩/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(પોલીસ કમિશનર, અમદાવાદ શહેર — સિક્કો) સત્યમેવ જયતે

(સહી)
(જી.એસ.મલિક)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ,અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સેસન્શ કોર્ટ ભદ્ર, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી,ટ્રાફિક,વહિવટ,મુખ્ય મથક, સેકટર -૨,અમદાવાદ શહેર.

(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર -૧ / ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૮)મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ રીજીયન અમદાવાદ.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે,એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website)ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૨૯) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી.

(૩૦) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.